# એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૧૩ રૂપિયાનો ઘટાડો

નવી દિલ્હી,તા. ૧

પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે નોનસબ્સિડાઈઝ કુકીંગ ગેસ (એલપીજી)ની કિંમતમાં પ્રતિ સિલિન્ડર ૧૧૩ રૂપિયા સુધીનો મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો. જ્યારે જેટ ફ્યુઅલ અથવા તો એટીએફની કિંમતમાં ૪.૧ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય તેલ કિંમતો ખૂબ નીચી સપાટીએ પહોંચી જતા એલપીજી અને એટીએફની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો છે. એટીએફની કિંમત ઘટતાં વિમાની ભાડામાં મોટો ઘટાડો થવાની પણ શક્યતા દેખાઈ રહી છે. જોકે હજુ સુધી એરલાઈન્સ તરફથી ઘટાડા અંગે કોઈ વાત કરવામાં આવી નથી.બિન સબ્સિડીવાળા રાંધણગેસના સિલિન્ડર એવા સિલિન્ડર છે જે નિર્ધારિત બાર સિલિન્ડરના કોટા બાદ જરૂર પડવાની સ્થિતિમાં લોકો દ્વારા ખરીદવામાં આવે છે. જ્યારે સબ્સિડીવાળા એલપીજી સિલિન્ડર એક પરિવારને વર્ષે ૧૨ આપવામાં આવે છે. ૧૪.૨ કિલોગ્રામના બિનસબ્સિડીવાળા એલપીજી સિલિન્ડરની કિંમત હવે ઘટીને ૭૫૨ રૂપિયા દિલ્હીમાં થઈ છે જે અગાઉ ૮૬૫ રૂપિયા હતી. બિન સબ્સિડીવાળા અથવા તો માર્કેટ કિંમતે એલપીજીની જે ખરીદી કરવામાં આવે છે તેના રેટમાં સતત પાંચમી વખત ઘટાડો કરાયો છે. ઓગસ્ટ મહિના બાદથી ૧૨ સિલિન્ડરના તેમના કોટા બાદ ગ્રાહકો દ્વારા જે સિલિન્ડર ખરીદવામાં આવે છે તેની કિંમત આ રાખવામાં આવી છે. સતત પાંચ મહિનામાં ઘટાડો કરવામાં આવ્યો છે જેથી બિન સબ્સિડીવાળા એલપીજીના રેટમાં સિલિન્ડર દીઠ ૧૭૦.૫નો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. આવી જ રીતે એટીએફની કિંમતમાં દિલ્હીમાં પ્રતિ કિલો લીટર ૨૫૯૪.૯૩ સુધીનો કાપ મુકાયો છે જેથી એટીએફની કિંમત કિલો લીટર દીઠ ૫૯૯૪૩ રૂપિયા થઈ છે. પહેલી નવેમ્બરના દિવસે કિંમતમાં ૭.૩ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો હતો. ઓગસ્ટ બાદથી એટીએફની કિંમતમાં ૧૪.૫ ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો છે. જેથી તેની કિંમતમાં પ્રતિ કિલો લીટર ૧૦૨૧૮.૭૬નો ઘટાડો થયો છે. ૩ વર્ષમાં પ્રથમ વખત એટીએફની કિંમત ૬૦ હજારથી નીચે પહોંચી છે. ગઈકાલે જ પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. આજે બિનસબ્સિડીવાળા એલપીજીની કિંમતમાં ઘટાડો ઝિંકી દેવાયો હતો જેથી જે લોકોને વધારે ઉપયોગ છે તે લોકોને ફાયદો થશે. એટીએફની કિંમતમાં ઘટાડો થયા બાદ ઉડયન કંપનીઓ તરફથી વિમાની ભાડામાં કાપ મુકી યાત્રિકોને રાહત અપાશે કે કેમ તે અંગે માહિતી મળી શકી નથી. મુંબઈમાં જેટ ફ્યુઅલની કિંમત વેટ અને સેલટેક્સને જોતા હવે ૬૧૬૯૫ પ્રતિકિલો લીટર થઈ છે. બ્રેન્ટ ઓઈલની કિંમત ઓક્ટોબર ૨૦૦૯ બાદથી સૌથી નીચી સપાટીએ પહોંચી છે.



## આજે આરબીઆઈની પોલીસી સમીક્ષા : વ્યાજદરને લઈને ચર્ચા

મુંબઈ,તા. ૧

જેની ઉત્સુકતાપૂર્વક શેરબજાર અને ઉદ્યોગજગતમાં રાહ જોવામાં આવી રહી છે છે તે બેંક ઓફ ઈન્ડિયાની નાણાંકીય નિતી સમીક્ષા આવતીકાલે જારી કરવામાં આવનાર છે. ઉદ્યોગજગત અને અન્યોની માંગ વચ્ચે આરબીઆઈના ગવર્નર રઘુરામ રાજન કેવા પગલા લે છે તેના પર તમામની નજર રહેશે.હાલમાં વ્યાજદરમાં ઘટાડો કરવાની જોરદાર માગં જુદા જુદા વર્ગો તરફથી થઈ રહી છે. હોમ અને ઓટો લોન સસ્તી કરવામાં આવે છે છે કે કેમ તે બાબત આવતીકાલે નક્કી થઈ જશે. નીતિ સમીક્ષામાં પોલીસી રેટ અથવા તો વ્યાજદરને યથાવત રાખવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. એકબાજુ નાણામંત્રી અરુણ જેટલી ઉદ્યોગ જગત અને શેરબજારની માંગણીને ધ્યાનમાં લઈને અર્થતંત્રમાં પ્રાણ ફૂંકવા વ્યાજદરમાં કાપની તરફેણ કરી ચુક્યા છે. વર્તમાન નાણાંકીય વર્ષમાં બીજા ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ ઘટીને ૫.૩ ટકા થઈ ગયો છે. આની સાથે સાથે ફુગાવો પણ છેલ્લા કેટલાક વર્ષમાં સૌથી નીચી સપાટીએ પહોંચી ગયો છે જેથી રેટમાં કાપ માટેનું ચિત્ર સ્પષ્ટ થાય છે. આરબીઆઈના ગવર્નર પણ સંકેત આપી ચુક્યા છે કે, તેઓ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને આગળ વધશે.બીજી ડિસેમ્બરના દિવસે જારી કરવામાં આવનાર આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષામાં વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષા અન્યો પણ રાખી રહ્યા છે. ઉંચા ફુગાવાના કારણો આપીને રિઝર્વ બેંક રેટને યથાવત રાખવા મક્કમ છે. કૃષિ અને મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં આંકડો નબળો રહ્યો છે. બીજી ત્રિમાસિક ગાળામાં દેશનો આર્થિક વિકાસદર ૫.૩ ટકા રહ્યો છે જે આ વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળા એપ્રિલ-જૂનના મહિનામાં ૫.૭ ટકા હતો. આવી જ રીતે હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો ઓક્ટોબર મહિનામાં પાંચ વર્ષની નીચી સપાટીએ પહોંચી ગયો છે. એટલે કે આ ફુગાવો ૧.૭૭ ટકા થયો છે. જ્યારે રિટેલ ફુગાવો જે સીપીઆઈ આધારિત છે તે ઓક્ટોબરના અંતે ૫.૫૨ ટકા થયો છે.પોલીસી સમીક્ષા બજાર માટેની દિશા નક્કી કરવામાં ભૂમિકા પણ અદા કરનાર છે. પાસાઓને ધ્યાનમાં લઈને પોલીસી સમીક્ષામાં નવી પહેલ કરવામાં આવનાર છે. આરબીઆઈની પોલીસી સમીક્ષા જારી કરવામાં આવે તે પહેલા મોટાભાગના અર્થશાસ્ત્રીઓએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, આ વર્ષે વ્યાજદરમાં ઘટાડો થાય તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. જોકે કેટલાક બેંકરો વ્યાજદરમાં નજીવો ઘટાડો થશે તેમ માને છે. ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે કાલે પોલીસી સમીક્ષા જારી થશે.

## છત્તસીગઢમાં પુનઃ નક્સલી હુમલો : ૧૩ જવાનો શહીદ

**હુમલામાં સીઆરપીએફના અન્ય અનેક જવાનો ઘાયલ થયા : નક્સલવાદીગ્રસ્ત સુકુમા ચિંતાગુફા પાસે વન્ય વિસ્તારમાં અંધાધુંધ ગોળીબાર માઓવાદીઓની જાળમાં સુરક્ષા જવાનો ફસાઈ ગયા : મોદી સરકાર હચમચી**

રાયપુર,તા. ૧

દક્ષિણ છત્તિસગઢના સુકુમા જિલ્લામાં માઓવાદી દ્વારા કરવામાં આવેલા ભીષણ હુમલામાં સીઆરપીએફના ઓછામાં ઓછા ૧૩ જવાન શહીદ થયા છે. જ્યારે અન્ય ૧૩ જવાનો ઘાયલ થયા છે. આ હુમલાના કારણે મોદી સરકાર હચમચી ઉઠી હતી.પોલીસે માહિતી આપતા કહ્યું છે કે છત્તિસગઢના સુકુમા જિલ્લાની ચિંતાગુફા નજીક વન્ય વિસ્તારમાં માઓવાદીઓ દ્વારા ભીષણ હુમલો એકાએક કરી દેવામાં આવ્યો હતો. સુકુમા માઓવાદીગ્રસ્ત બસ્તર ડિવીઝનમાં આવે છે. ૧૦૦૦થી વદારે સીઆરપીએફના જવાનો ઓપરેશનના ભાગરૂપે હતા ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો.

છુપાયેલા માઓવાદીઓએ અંધાધુંધ ગોળીબાર કર્યો હતો. ગોળીબારનો દોર કલાકો સુધી ચાલ્યો હતો. પહેલાથી ૧૦૦૦ જવાનો હોવાથી વધારાના જવાનો મોકલવામાં આવ્યા ન હતા. સીઆરપીફના જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી પરંતુ આ છુપો હુમલો હોવાથી દળોને વધારે નુકસાન થયું હતુ. શહીદ થયેલા સીઆરપીએફના જવાનોમાં બે અધિકારીઓનો પણ સમાવેશ થાય છે. છત્તિસગઢમાં નક્સલી ઓપરેશનના એડિશનલ ડિરેક્ટર જનરલ આરકે વીજે માહિતી આપતા કહ્યુ હતુ કે હુમલો કરવામાં આવ્યા બાદ વ્યાપક તપાસ ઓપરેસન હાથ ધરવામાં આવ્યું હતુ. આજે કરવામાં આવેલા હુમલામાં ઘાયલ થયેલા જવાનોને હોસ્પિટલમાં ખસેડવા માટે હેલિકોપ્ટરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.આજે કરવામાં આવેલા હુમલમાં ૧૩થી વધારે સીઆરપીએફના જવાન ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાક ગંભીરરીતે ઘાયલ થયા હતા. ઓપરેશન બાદ પરત ફરી રહેલી ટુકડી પર હુમલો કરવાંમાં આવ્યો હતો.

## તમિળનાડુમાં બર્ડ ફ્લુની દહેશત : કિંમતમાં ઘટાડો

ચેન્નાઈ,તા. ૧

કેરળ બાદ હવે તમિળનાડુમાં પણ બર્ડ ફ્લુનો ખતરો તોળાઈ રહ્યો છે. કેરળમાં તેના કેસો જોવા મળ્યા બાદ તમિળનાડુમાં કોઈ કેસ થયા નથી પરંતુ દહેશત સતત વધી રહી છે. જેના કારણે હવે તમિળનાડુમાં ચિકનના વપરાશમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. સમગ્ર રાજ્યમાં કિંમતમાં પણ નોંધપાત્રરીતે ઘટાડો થઈ રહ્યો છે. ચેન્નાઈમાં કિંમત એક કિલો ચિકનની કિમત છેલ્લા એક સપ્તાહમાં જ ૧૬૦ રૂપિયાથી ઘટીને ૧૨૦ રૂપિયા થઈ ગઈ છે. જ્યારે જીવિત ચિકનની કિંમત ૧૧૦ રૂપિયાથી ઘટીને ૯૦ રૂપિયા થઈ ગઈ છે. કેટલાક રિટેલર્સ કિલોદીઠ ૯૦ રૂપિયામાં પણ વેચી રહ્યા છે. કેરળમાં બતકા ફાર્મમાં બર્ડ ફ્લુના કેસો સપાટી પર આવ્યા બાદ કારોબારીઓમાં દહેશત ફેલાયેલી છે. કારણ કે લોકો હવે ચિકનનો ઉપયોગ ઘટાડી રહ્યા છે. તમિળનાડુમાં ચિકનની કિંમતમાં ઘટાડો થવાની સાથે સાથે વપરાશમાં ઘટાડો થતા મોટા ચિકન કારોબારીઓ નિરાશ દેખાઈ રહ્યા છે. ચિકનની અવરજવરને રોકી દેવામાં આવી છે તેના પરિહવનને રોકી દેવા માટે તંત્રે કોઈ કારણો આપ્યા નથી. રાજ્યની અંદર જ તેના વેચાણની પ્રક્રિયા ચાલી રહી છે. કેરળથી ચિકનનો જથ્થો હાલ મંગાવાશે નહી. તમિળનાડુમાં બ્રોઈલર ટ્રેડ માટે નમાકલ અને પલ્લાદમ મુખ્ય હબ તરીકે રહ્યા છે. વેપારીઓ આશા રાખી રહ્યા છે કે કેરળમાં અસરગ્રસ્ત બર્ડને મારી નાંખવામાં આવ્યા બાદ માર્કેટમાં ફરી એકવાર સ્થિરતા આવી જશે. જો કે હાલમાં વેપારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. કારણ કે લોકોમાં પણ દહેશત છે. જેથી ખરીદી ન થતા વેપારીઓને ભાવ ઘટાડી દેવાની ફરજ પડી રહી છે.



સીમા સુરક્ષા દળના ૪૯માં સ્થાપના દિને યોજાયેલ સમારંભમાં એક બીસએસએફ ડોગે કેન્દ્રીય ગૃહ મંત્રી રાજનાથસિંહને પુષ્પો ભરેલું બકેટ અર્પણ કર્યું હતું.

## જમ્મુ કાશ્મીર-ઝારખંડમાં આજે બીજા તબક્કા માટે મતદાન

રાંચી/જમ્મુ,તા. ૦૧

જમ્મુ કાશ્મીર અનો ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે આવતીકાલે મતદાન યોજનાર છે. જેને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પગલા લેવામાં આવ્યા છે. બન્ને રાજ્યોમાં બીજા તબક્કા માટે પ્રચારનો અંત આવ્યા બાદ ઉમેદવારો પણ ગણતરીમાં લાગેલા છે. જમ્મુ કાશ્મીરમાં બીજા તબક્કામાં આવતીકાલે ૧૮ બેઠકો માટે મતદાન યોજાનાર છે. જેના માટેની તમામ તૈયારી કરી લેવામાં આવી છે. પ્રથમ તબક્કામાં રેકોર્ડ મતદાન થયા બાદ બીજા તબક્કા માટે પણ ઉંચુ મતદાન થાય તેવી શક્યતા છે. જમ્મુમાં નવ બેઠકો અને કાશ્મીરમાં પણ નવ બેઠકો માટે મતદાન યોજનાર છે. કેટલાક હાઈ પ્રોફાઈલ ઉમેદવારો તેમના ભાવિ અજમાવી રહ્યા છે. જેમાં પૂર્વ અલગતાવાદી નેતા સજ્જાદ લોનનો સમાવેશ થાય છે. તેમના ભાવિ આ તબક્કામાં ચાર પ્રધાનો પણ અજમાવી રહ્યા છે. પ્રતમ તબક્કામાં ૧૫ સીટ માટે રેકોર્ડ ૭૧.૨૮ ટકા મતદાન થયું હતુ. સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. કારણ કે આ ગાળામાં ત્રણ ત્રાસવાદી હુમલા થઈ ચુક્યા છે. જેમાં ૧૦ના મોત થયા છે. જે ૧૮ બેઠકો પર મતદાન યોજનાર છે. તેમાં નેશનલ કોન્ફરન્સ છ બેઠકો, કોંગ્રેસ ત્રણ બેઠકો, પીડીપી ચાર બેઠકો, જેકેએનપીપી બે બેઠકો, ભાજપ એક બેઠક અને સીપીઆઈએમ એક બેઠક ધરાવે છે. એક અપક્ષની બેઠક છે. રાજ્યમાં બીજા તબક્કામાં ૧૮




મતવિસ્તારોમાં ૧૭૫ ઉમેદવારો છે. જ્યારે ૧૫.૩૫ લાખ લોકો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ દેખાઈ રહ્યા છે. બાજપ તરફથી બીજા તબક્કામાં પ્રચારની જવાબદારી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંભાળી હતી. તેઓએ ઉધમપુર અને પૂંચમાં બે રેલી કરી હતી.કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પૂંચમાં એક રેલી યોજી હતી.કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહે એક રેલી કરી હતી. જ્યારે ઝારખંડમાં ૨૦ બેઠકો માટે આવતીકાલે મતદાન યોજાશે. પૂર્વ મુખ્યપ્રધાન અર્જૂન મુન્ડા અને મધુ કોડા સહિત ૨૨૩ ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ૩૫ મહિલા ઉમેદવારો સામેલ છે. ૨૦ બેઠકો પૈકીની ૧૬ બેઠક આદિવાસી માટે અનામત છે. વડાપ્રધાન મોદી અને કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આદિવાસી મુદ્દો ઉઠાવ્યો હતો. ભાજપ અને જેવીએમ દ્વારા ચાર મહિલાઓને મેદાનમાં ઉતારી દેવામાં આવી છે. પ્રચાર દરમિયાન ભાજપ અને કોંગ્રેસે આક્રમક વલણ અપનાવીને આદિવાસી વિકાસનો મુદ્દો ઉઠાવ્યો હતો. વડાપ્રધાન મોદીએ પ્રચાર દરમિયાન ભાજપને બહુમતી આપવા અને રાજકીય અસ્થિરતાનો અંત લાવવા કહ્યું હતું. સોનિયા ગાંધીએ પણ આક્રમક મુદ્દા ઉઠાવ્યા હતા. પ્રથમ તબક્કામાં ૮૧ બેઠકો પૈકી ૧૩ બેઠકો માટે મતદાન થયું હતું. પ્રધાનો અને અન્યો મળીને કેટલાક મોટા માથા મેદાનમાં છે.

## નવી રેલવે લાઈનો માટે ૨૮ હજાર કરોડની જાહેરાત થઈ

નવી દિલ્હી ,તા. ૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉત્તરપૂર્વમાં નવા રેલવે પ્રોજેક્ટો માટે ૨૮૦૦૦ કરોડની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે ઉત્તરપૂર્વમાં રેલવે કનેકટિવિટીને વધારવાની જરૂર છે. નવા રેલવે લાઇ બિછાવવા માટે જંગી નાણા કેન્દ્ર સરકાર પુરા પાડનાર છે. આ વિસ્તારમાં રહેલા ટ્યુરિઝમના લાભ લોકો સુધી પહોંચે તે જરૂરી છે. વડાપ્રધાને કહ્યુ ંહતું કે કેન્દ્ર સરકારે ઉત્તરપૂર્વ પ્રદેશના સર્વગ્રાહી ટેલિકોમ વિકાસ યોજના માટે આ વિસ્તારમાં રજી મોબાઇલ કવરેજ આપવા ૫૦૦૦ કરોડ મંજૂર



કર્યા છે. તેમણે કહ્યું હતું કે દેશના જુદા જુદા ભાગો અને વિદેશમાંથી મોટી સંખ્યામાં લોકો અહીં પહોંચી રહ્યા છે. પ્રવાસી માટે સૌથી સારા સ્થળો પૈકીના એક તરીકે છે. પરંતુ કનેકટિવિટીને હજુ વધારી દેવાની જરૂર છે. જ્યા સધી રોડ જોડાણ રહેશે નહી ત્યા સુધી પ્રવાસને વિકસિત કરવાની બાબત મુશ્કેલરૂપ છે. રેલ, વિમાની સેવા શરૂ કરવાની જરૂર રહેલી છે. નાગાલેન્ડમાં સૌથી મોટા વાર્ષિક બોર્નબિલ મહોત્સવની શરૂઆત કરતા તેમણે કહ્યુ ંહતું કે આ વિસ્તારને વિકાસ માટે પ્રાથમિકતા આપવામા ંઆવે તે અતિ જરૂરી છે. પ્રવાસના વિકાસને સરકાર પ્રાથમિકતા આપશે. નવા રેલવે લાઇન પ્રોજેક્ટ માટે ૨૮૦૦૦ કરોડ આપવામાં આવનાર છે. ૧૪ નવી રેલવે લાઇન બનાવવામાં આવસે.

તેમણે કહ્યું હતું કે હોર્નબિલ મહોત્સવ નાગાલેન્ડમાં ટ્યુરિઝમ સેક્ટરમાં સુધારો કરશે. આનાતી ભારતના લોકોને ફાયદો થશે. વિકાસ માટે ઉર્જા લાઇફલાઇન સમાન છે. નાગાલેન્ડ સહિત છ રાજ્યોમાટે ઉત્તરપૂર્વીય પ્રદેશ પાવર સિસ્ટમ માટે જંગી રકમ મંજૂર કરાઇ છે. અમારી યોજના ૨૪ કલાક ૩૬૫ દિવસ વિજળી આપવાની છે. વડાપ્રધાને કહ્યુ ંહતું કે તેમની સરકાર મણિપુરમાં નેશનલ સ્પોર્ટસ યુનિવર્સિટી સ્થાપિત કરશે. જેનાથી લોકોને સીધો ફાયદો થશે.નોર્થઇસ્ટ દેશના ઓર્ગેનિક કેપિટલ તરીકે છે. કેન્દ્ર સરકારે આ વિસ્તારમાં છ નવી એગ્રીકલ્ચર કોલેજ સ્થાપિત કરવાનો નિર્ણય કર્યો છે. વડાપ્રધાને સ્થાપના દિવસે નાગાલેન્ડના લોકોને શુભેચ્છા આપી હતી. તેમણે કહ્યું હતું કે નાગાલેન્ડના લોકો સાથે આ ખાસ પ્રસંગે રહેવાની તેમને તક મળી છે. જે ગર્વ ની વાત છે.

## દેશમાં હાલ ૨૦૮૮૬૩૮ લોકો એચઆઈવી પોઝિટીવ છે

નવી દિલ્હી,તા. ૧


ભારતમાં એઈડ્સ સંબંધિત મોતની સંખ્યા સતત વધી રહી છે. આ કિલર રોગના કારણે મોતની સંખ્યા ૧૪૭૭૨૯ સુધી પહોંચી ગઈ છે. આવી જ રીતે દર વર્ષે માતાપિતા મારફતે પણ ૨૧૦૦૦થી વધુ માસુમ બાળકો એઈડ્સના સકંજામાં આવી રહ્યા છે. ભારતમાં નવા અસરગ્રસ્ત કેસોની સંખ્યાની વાત કરવામાં આવે તો આ સંખ્યા વધીને ૧૧૬૪૫૯ સુધી પહોંચી ગઈ છે. પ્રાપ્ત આંકડા મુજબ વિશ્વભરમાં કુલ એચઆઈવી પોઝિટીવ લોકોની સંખ્યા ૩૨ મિલિયન જેટલી છે. વિશ્વભરમાં એચઆઈવી પોઝિટીવ બાળકોની સંખ્યા ૩.૨ મિલિયન નોંધાઈ છે. આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે કુલ નવા કેસોની સંખ્યા દેશમાં છેલ્લા ત્રણ મહિનાના ગાળામાં ઘટી છે. સંખ્યા ઘટીને નીચી સપાટી પર પહોંચતા સંબંધિત વિભાગ દ્વારા આ દિશામાં આગળ વધવાની તૈયારી દર્શાવી છે. ત્રણ વર્ષમાં સંખ્યા ૩.૧ લાખ કસો ૨૦૧૦-૧૧માંહતા. જે વર્ષ ૨૦૧૩-૧૪માં ઘટીને ૧.૫ લાખ થઈ ગયા છે. આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, તમિળનાડુ અને કર્ણાટકમાં દર વર્ષે નોંધાયેલા કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સેક્સ વર્કરો, સજાતિય સંબંધવાળા અને અન્ય જોખમી સમુદાયમાં જાગૃતિ આવવાના કારણે નવા કેસોની સંખ્યામાં નોંધુાત્ર રીતે ઘટાડો થયો છે. આવનાર સમયમાં આમાં વધારે ઘટાડો થાય તેવા પ્રયાસ આરોગ્ય વિભાગ અને અન્ય સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

## હ્યુઝની બુધવારે દફનવિધી કરાશે : કોહલી- શાસ્ત્રી જશે

એડિલેડ,તા. ૧

ઓસ્ટ્રેલિયાના ઉભરતા સ્ટાર ફિલ હ્યુઝના મોત બાદ તેની દફનવિધી હવે બુધવારના દિવસે કરવામાં આવનાર છે. સમગ્ર વિશ્વ ક્રિકેટ હાલ આઘાતમાં છે. પ્રાપ્ત હેવાલ મુજબ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળી રહેલો વિરાટ કોહલી પણ દફનવિધીમાં ભાગ લેનાર છે. તેની સાથે ટીમના ડિરેક્ટર રવિ શાસ્ત્રી, કોચ ડંકન ફ્લેચર અને ટીમ મેનેજર અર્સદ અયુબ પણ પહોંચે તેવી શક્યતા છે. ઉપરાંત ત્રણથી ચાર ભારતીય ખેલાડી પણ દફનવિધીમાં બાગ લેનાર છે. ભારતીય ટીમ બ્રિસ્બેન પહોંચી ગઈ છે. ફિલ હ્યુઝના વતન મેક્સવિલ્લે ખાતે તેની દફનવિધી કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરૂવારના દિવસે તેનુ મોત થયું હતુ. મોતના બે દિવસ પહેલા ફિલ હ્યુઝને શેફિલ્ડ સિલ્ડની મેચ દરમિયાન એક બાઉન્સર વાગી ગયો હતો. સમગ્ર ઓસ્ટ્રેલિયાની સાથે સાથે વિશ્વ ક્રિકેટમાં હાલ આઘાત છે. તેના મોતના કારણે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા ઈલેવન સામેની ભારતની મેચને રદ કરવામાં આવી હતી. જો કે પ્રેકટીસમાં ભારતીય ટીમ વ્યસ્ત છે.

આજે ફિલ હ્યુઝના જન્મદિવસે તેને અંજલિ પણ આપવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન માઈકલ ક્લાર્કે ખાસ અંજલિ પોતાના નજકના મિત્રને આપી હતી. કટોકટીના સયમમાં ધીરજ રાખવા બદલ ભારતીય ટીમ મેનેજમેન્ટ અને ખેલાડીઓની ભારે પ્રશંસા થઈ રહી છે. ભારતીય ખેલાડીઓ ઉપરાંત ઓસ્ટ્રેલિયાના તમામ ખેલાડીઓ દફનવીધિમાં ઉપસ્થિત રહેશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના સંબંધો સતત સુધરી રહ્યા છે. દફનવિધિમાં હાજરી આનો પુરાવો રહેશે. એવું પણ જાણવા મળ્યું છે કે ટેસ્ટ મેચોના કાર્યક્રમમાં હવે ફેરફાર થવાની શક્યતા છે.



નાગાલેન્ડના કિસામા ગામે હોર્નબિલ ઉત્સવના ઉદઘાટન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પરંપરાગત વસ્ત્રોમાં તલવાર અને ભાલાને હાથમાં લીધા હતાં.

## સમાચાર ઝલક

- વોડાફોન, એરટેલ સહિતની ટોપ કંપનીને દંડ ફટકાર્યો.
- દેશના છેવાડાના માનવી સુધી અનાજ મળે તેને જ વિકાસ કહેવાય - રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી.
- શાળાઓમાં મોબાઈલ ટાવરોના રાફડાથી બાળકોના આરોગ્યનું જોખમ.
- કૈલાસ માન સરોવરનો નથુલા માર્ગ આગામી વર્ષથી ચાલુ થશે.
- નવા બાસમતીની બજારમાં આવક શરુ : ભાવમાં કિલોએ રૂ. ૨૦ થી ૫૦નો ઘટાડો.
- મહેસાણા જિલ્લાના લીંબુનો ગુજરાતમાં ડંકો : રાજયમાં સૌથી વધુ ઉત્પાદન.
- રાજકોટમાં લગ્ન પ્રસંગમાં મહેમાન બની ઘૂસેલ ટાબરિયા ૨ લાખના દાગીના સેરવી ગયા.
- પોરબંદરમાં નવરાત્રિમાં માટીના ગરબામાંથી ૨૦૦૦ ચકલીના માળા તૈયાર કરાશે.
- ઈબોલા તાવથી પશ્ચિમ આફ્રિકામાં ૭૦૦૦નાં મોત થયા.
- વિશ્વભરમાં વર્લ્ડ એઈડસ ડેની ઉજવણી કરાઈ.
- કાશ્મીરમાં મતદારોને આકર્ષવા માટે રેડિયાનો ઉપયોગ થઈ રહ્યો છે.
- જયલલિતા આવકવેરા કેસમાં દંડ ભરીને રાહત મેળવશે.
- ચીનમાં મુસ્લિમ વસતી ધરાવતા વિસ્તારમાં આતંકવાદી ઘટનાથી ૧૫નાં મોત નીપજ્યા.